


IPL 2026 | આજની મેચ RR vs GT | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: જયપુર

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| SRH | 11 | 7 | 4 | 0 | 14 | 0.737 |
| PBKS | 10 | 6 | 3 | 1 | 13 | 0.571 |
| RCB | 10 | 6 | 4 | 0 | 12 | 1.234 |
| RR | 10 | 6 | 4 | 0 | 12 | 0.510 |
| GT | 10 | 6 | 4 | 0 | 12 | -0.147 |
| CSK | 10 | 5 | 5 | 0 | 10 | 0.151 |
| DC | 10 | 4 | 6 | 0 | 8 | -0.949 |
| KKR | 9 | 3 | 5 | 1 | 7 | -0.539 |
| MI | 10 | 3 | 7 | 0 | 6 | -0.649 |
| LSG | 10 | 3 | 7 | 0 | 6 | -0.934 |

# કોલકાતાએ દિલ્હીને 142 રન પર અટકાવ્યું

**કોલકાતાની** સ્પિન ત્રિપુટી સામે દિલ્હીના બેટ્સમેનો રન ન બનાવી શક્યા

**પથુમ** નિશંકાએ અડધી સદી ફટકારી

**અનુકૂલ** રોય અને કાર્તિક ત્યાગીએ 2-2 વિકેટ લીધી



નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): નવી દિલ્હીમાં રમાયેલી IPL મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સના સ્પિનરો સામે દિલ્હી કેપિટલ્સના બેટર્સ લાચાર દેખાયા હતા. ઓપનર પથુમ નિશંકાની અડધી સદી છતાં KKRએ દિલ્હીને 8 વિકેટે માત્ર 142 રનના સ્કોર પર રોકી દીધું હતું.

સ્પિન ત્રિપુટી અનુકૂલ રોય (2/31), સુનિલ નારાયણ (1/17) અને વરુણ ચક્રવર્તીએ (0/28) મધ્ય ઓવરોમાં રન ગતિ પર બ્રેક લગાવી દીધી હતી. ઝડપી બોલરોમાં કાર્તિક ત્યાગીએ 2/25 અને કેમેરોન ગ્રીને 1/12 રન આપી શાનદાર સાથ આપ્યો હતો. જો આશુતોષ શર્માએ 28 બોલમાં 39 રન (3 ચોગ્ગા, 3 છગ્ગા) ન બનાવ્યા હોત, તો દિલ્હી માટે 100 રનનો આંકડો પાર કરવો પણ મુશ્કેલ હતો.

પ્રથમ બેટિંગ કરતા નિશંકા (50) અને KL રાહુલે (23) દિલ્હીને સારી શરૂઆત અપાવી હતી. જોકે, પાવરપ્લે બાદ સ્પિનરોએ દબાણ વધાર્યું હતું. કાર્તિક ત્યાગીએ રાહુલને અને ગ્રીને નીતીશ રાણાને (8) આઉટ કરી દિલ્હીને ઝટકા આપ્યા હતા. વરુણ ચક્રવર્તીએ અત્યંત કરકસરયુક્ત બોલિંગ કરી બેટર્સને જોખમ લેવા મજબૂર કર્યા હતા. સુનિલ નરીન સમીર રિઝવીને આઉટ કર્યો, જ્યારે અનુકૂલ રોયે સેટ થયેલા નિશંકાને સ્ટમ્પ આઉટ કરાવી દિલ્હીની કમર તોડી નાખી હતી. રોયે તે જ ઓવરમાં ટ્રિસ્ટન સ્ટબ્સને પણ પેવેલિયન ભેગો કર્યો હતો. અંતિમ ઓવરોમાં આશુતોષ શર્માએ આક્રમક બેટિંગ કરી ટીમનો સ્કોર 142 સુધી પહોંચાડ્યો હતો.

| દિલ્હી કેપિટલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| નિસાંકા સ્ટ. રઘુવંશી બો રોય | 50 | 29 | 5 | 3 |
| રાહુલ કો ગ્રીન બો કાર્તિક | 23 | 14 | 4 | 0 |
| નીતીશ કો નરીન બો ગ્રીન | 8 | 10 | 1 | 0 |
| રીઝવી કો પોવેલ બો નરીન | 3 | 7 | 0 | 0 |
| સ્ટબ્બસ બો રોય | 2 | 4 | 0 | 0 |
| અક્ષર કો રોય બો અરોડા | 11 | 22 | 0 | 0 |
| આશુતોષ કો રહાણે બો કાર્તિક | 39 | 28 | 3 | 3 |
| વિપરાજ નિગમ અણનમ | 3 | 3 | 0 | 0 |
| સ્ટાર્ક રન આઉટ | 0 | 2 | 0 | 0 |
| લુંગી એનગીડી અણનમ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 2 | | | |
| કુલ 20 ઓવરમાં 8 વિકેટે | 142 રન | | | |

**વિકેટ પતન:** 1-49, 2-74, 3-80, 4-85, 5-89, 6-128, 7-140, 8-140

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અનુકુલ રોય | 4 | 0 | 31 | 2 |
| વૈભવ અરોડા | 3 | 0 | 29 | 1 |
| સુનિલ નરીન | 4 | 0 | 17 | 1 |
| કાર્તિક ત્યાગી | 4 | 0 | 25 | 2 |
| વરૂણ ચક્રવર્તી | 4 | 0 | 28 | 0 |
| કેમરોન ગ્રીન | 1 | 0 | 12 | 1 |

# ખેલાડીઓના રૂમમાં 'બિનઅધિકૃત' પ્રવેશ પર BCCIનો પ્રતિબંધ

**બીસીસીઆઈએ** હની ટ્રેપ અને સુરક્ષા જોખમની ચેતવણી આપી

**અનધિકૃત** લોકોની હોટલમાં ખેલાડીઓ સાથે મુલાકાત અને અન્ય નિયમોના ભંગ સામે બીસીસીઆઈએ સખત પગલાં લીધા





નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): આઈપીએલ (IPL) 2026 દરમિયાન ગેરવર્તણૂક અને પ્રોટોકોલના ભંગની ઘટનાઓને ગંભીરતાથી લેતા, BCCIએ ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને ટીમ અધિકારીઓના હોટલ રૂમમાં બિનઅધિકૃત મુલાકાતીઓના પ્રવેશ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. બોર્ડની એન્ટી-કરપ્શન યુનિટે (ACU) અનધિકૃત લોકોની હોટલમાં મુલાકાત અને અન્ય નિયમોના ભંગનો મુદ્દો ઉઠાવ્યો હતો. બીસીસીઆઈએ હની ટ્રેપ, સુરક્ષા જોખમો અને કાયદાકીય જવાબદારીઓ અંગે પણ ચેતવણી આપી છે.

**હોટલ અને રૂમ માટેના નવા નિયમો:**

BCCI સચિવ દેવજીત સૈકિયાએ એડવાઈઝરીમાં જણાવ્યું છે કે, કોઈપણ મહેમાનને ખેલાડી કે અધિકારીના ખાનગી રૂમમાં લઈ જવા માટે ટીમ મેનેજરની લેખિત મંજૂરી અનિવાર્ય રહેશે. જોવામાં આવ્યું છે કે કેટલાક ખેલાડીઓ મેનેજરની જાણ બહાર અજાણ્યા લોકોને રૂમમાં પ્રવેશ આપે છે, જે ટૂર્નામેન્ટ અને બોર્ડની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે. આ ઉપરાંત, ખેલાડીઓ રાત્રે અસાધારણ કલાકોમાં સુરક્ષા અધિકારીને જાણ કર્યા વિના હોટલની બહાર નીકળી શકશે નહીં.

**ટીમ માલિકો પર ખેલાડીઓને મળવા પર પ્રતિબંધ:**

બોર્ડે કડક સૂચનાઓ આપી છે કે લાઈવ મેચ દરમિયાન ટીમ માલિકો ખેલાડીઓ સાથે વાતચીત કરવા, તેમને મળવા કે ભેંટવાનો પ્રયાસ કરી શકશે નહીં. ડગઆઉટ, ડ્રેસિંગ રૂમ કે પ્લેઈંગ એરિયામાં ટીમ માલિકોનો પ્રવેશ પ્રતિબંધિત ઝોન પ્રોટોકોલ મુજબ જ રહેશે. જો આ નિયમોનો ભંગ થશે તો દંડથી લઈને સસ્પેન્શન સુધીની કાર્યવાહી થઈ શકે છે.

**વેપિંગ અને ઈ-સિગારેટ પર પ્રતિબંધ:**

રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગ ડ્રેસિંગ રૂમની બાલ્કનીમાં વેપિંગ કરતા જોવા મળ્યા બાદ બોર્ડે આ બાબતે કડક વલણ અપનાવ્યું છે. ભારતીય કાયદા હેઠળ વેપિંગ અને ઈ-સિગારેટ પ્રતિબંધિત હોવાથી, ટૂર્નામેન્ટના કોઈપણ સ્થળે, હોટલ કે પ્રેક્ટિસ સુવિધામાં તેનો ઉપયોગ કરનાર સામે કાયદાકીય ગુનો નોંધાઈ શકે છે.

# રેપિડ સેક્શનમાં ગુકેશે ફેબિયાનો કારુઆનાને હરાવ્યો

**રેપિડ** ઇવેન્ટના અંતે ગુકેશ કારુઆના અને જાન-ક્રઝિસ્તોફ ડુડા સાથે સંયુક્ત રીતે ચોથા સ્થાને રહ્યો

**બ્લિટ્ઝ** સેક્શનમાં હજુ 18 રાઉન્ડ રમવાના બાકી




વોર્સો (પોલેન્ડ), તા. 8 (પીટીઆઈ): પોલેન્ડના વોર્સોમાં રમાઈ રહેલી સુપર રેપિડ અને બ્લિટ્ઝ ટુર્નામેન્ટના રેપિડ સેક્શનના નવમા અને અંતિમ રાઉન્ડમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી. ગુકેશે અમેરિકાના ફેબિયાનો કારુઆના સામે શાનદાર વિજય મેળવ્યો છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી નબળા ફોર્મ સામે ઝઝૂમી રહેલા 19 વર્ષીય ગુકેશે આ જીત સાથે ફોર્મમાં પરત ફરવાના સંકેત આપ્યા છે. રેપિડ ઈવેન્ટના અંતે ગુકેશ 9 પોઈન્ટ સાથે કારુઆના અને જાન-ક્રઝિસ્તોફ ડુડા સાથે સંયુક્ત રીતે ચોથા સ્થાને રહ્યો છે. હવે બ્લિટ્ઝ સેક્શનમાં હજુ 18 રાઉન્ડ રમવાના બાકી છે.

રેપિડ સેક્શનના અંતિમ દિવસે ગુકેશની શરૂઆત નબળી રહી હતી, જેમાં તેણે મેક્સિમ વાચિયર-લાગ્રેવ સામે હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે ફેડોસીવ સામેની મેચ ડ્રો રહી હતી. જોકે, અંતિમ રાઉન્ડમાં કારુઆના સામેની રમત નિર્ણાયક રહી હતી. કારુઆનાએ શરૂઆતમાં એક પ્યાદો જીતીને પ્રભુત્વ જમાવ્યું હતું, પરંતુ 38મી ચાલ પર તેણે ભૂલ કરી જેનો ફાયદો ઉઠાવી ગુકેશે જીત મેળવી હતી. આ સેક્શનમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવનાર હંસ મોકે નિમન 13 પોઈન્ટ સાથે વિજેતા બન્યો છે. બ્લિટ્ઝ મુકાબલા વિશે ગુકેશે રમુજમાં જણાવ્યું કે, ઝડપથી રમો અને પ્રાર્થના કરો એ જ તેની રણનીતિ રહેશે.

# આજે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ટેબલમાં ઉપર જવા માટેની જંગ

**રાજસ્થાનને** હરાવી ગુજરાત ટાઇટન્સ ચોથા સ્થાન પર પહોંચવા માગશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી




જયપુર, તા. 8 (પીટીઆઈ): જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં શનિવારે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે આઈપીએલની મેચ રમાશે. પોઈન્ટ ટેબલમાં બંને ટીમો 10 મેચોમાં 6 જીત અને 4 હાર સાથે સમાન સ્તરે છે, પરંતુ નેટ રન રેટના કારણે રાજસ્થાન ચોથા અને ગુજરાત તેનાથી નીચે છે.

સતત 3 મેચ જીતીને આત્મવિશ્વાસથી લથબથ શુભમન ગિલની ટીમ આ મેચ જીતીને ટોપ 4માં પ્રવેશ કરવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે.

રાજસ્થાન રોયલ્સ માટે ચિંતાનો વિષય તેમનું નબળું બોલિંગ પ્રદર્શન છે, કારણ કે છેલ્લા બે મુકાબલામાં 220થી વધુનો સ્કોર નોંધાવવા છતાં તેઓ તેનો બચાવ કરી શક્યા નથી. કેપ્ટન રિયાન પરાગે દિલ્હી સામે 90 રન બનાવ્યા હતા, છતાં ટીમ હારી ગઈ હતી. રાજસ્થાન પાસે વૈભવ સૂર્યવંશી (404 રન) અને યશસ્વી જયસ્વાલ (312 રન) જેવા ફોર્મમાં રહેલા બેટ્સમેનો છે, પરંતુ મધ્ય ઓવરોમાં બોલરોનું પ્રદર્શન નબળું રહ્યું છે.

બીજી બાજુ, ગુજરાત ટાઈટન્સ યોગ્ય સમયે ફોર્મમાં આવી રહી છે. કેપ્ટન ગિલ (378 રન) અને સાઈ સુદર્શન (385 રન) શાનદાર બેટિંગ કરી રહ્યા છે. સુદર્શને છેલ્લી 4 મેચમાં બે ફિફ્ટી અને એક સદી ફટકારી છે. બોલિંગમાં કાગીસો રબાડા (16 વિકેટ), પ્રસિદ્ધ કૃષ્ણા (12 વિકેટ) અને મોહમ્મદ સિરાજની (11 વિકેટ) ત્રિપુટી વિરોધી ટીમો પર દબાણ બનાવી રહી છે. આ મેદાન પર મોટા સ્કોર ચેઝ થઈ રહ્યા હોવાથી ટોસ જીતનાર ટીમ પહેલા ફિલ્ડિંગ કરવાનું પસંદ કરશે.

# ભારતીય મહિલા ટીમ પ્રથમ વખત U-17 એશિયન કપની ક્વાર્ટર ફાઈનલમાં

**જો ભારત** ક્વાર્ટર ફાઈનલમાં જીતશે તો '2026 FIFA U-17 મહિલા વર્લ્ડકપ' માટે ક્વોલિફાય થશે

**U-17** ભારતીય મહિલા ફુટબોલ ટીમે લેબનોનને 4-0થી હરાવ્યું

**વર્ષ** 2005 પછી આ ટુર્નામેન્ટમાં ભારતની આ પ્રથમ જીત



સુઝોઉ (ચીન), તા. 8 (પીટીઆઈ): ભારતીય અંડર-17 મહિલા ફૂટબોલ ટીમે શુક્રવારે ચીનના સુઝોઉ ખાતે રમાયેલી મેચમાં લેબનોનને 4-0થી કચડી નાખીને ઈતિહાસ રચી દીધો છે. આ શાનદાર જીત સાથે ભારત પ્રથમ વખત 'AFC U17 મહિલા એશિયન કપ'ની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું છે. ફિલિપાઈન્સ અને ચાઈનીઝ તાઈપેઈ વચ્ચેની મેચના પરિણામ બાદ ભારત બે શ્રેષ્ઠ ત્રીજા સ્થાને રહેલી ટીમોમાં સ્થાન મેળવીને નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ્યું છે.

મેચની શરૂઆતથી જ ભારતે આક્રમક રમત બતાવી હતી. પ્રિતિકા બર્મન (7મી અને 85મી મિનિટ), અલ્વા દેવી સેંજમ (36મી) અને જોયાએ (72મી) ગોલ કરીને ભારતને મજબૂત સ્થિતિમાં મૂક્યું હતું. વર્ષ 2005 પછી આ ટુર્નામેન્ટમાં ભારતની આ પ્રથમ જીત અને પ્રથમ ગોલ છે. હવે સોમવારે ક્વાર્ટર ફાઈનલમાં ભારતનો સામનો યજમાન ચીન સામે થશે. જો ભારત આ મેચ જીતશે, તો તે મોરોક્કોમાં યોજાનારા '2026 FIFA U-17 મહિલા વર્લ્ડકપ' માટે ક્વોલિફાય થશે, જે ભારતીય ફૂટબોલના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હશે.

# પાકિસ્તાન સામેની ટેસ્ટમાં બાંગ્લાદેશે મજબૂત શરૂઆત કરી

**પ્રથમ** દિવસના અંતે બાંગ્લાદેશે 4 વિકેટ ગુમાવી 301 રન બનાવ્યા

**બાંગ્લાદેશના** કેપ્ટન નજમુલ શાંતોની શાનદાર સદી




ઢાકા, તા. 8: પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે આજથી ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં બે ટેસ્ટ મેચોની શ્રેણીનો પ્રારંભ થયો છે. મેચના પ્રથમ દિવસે પાકિસ્તાને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે બાંગ્લાદેશી બેટ્સમેનોએ ખોટો સાબિત કર્યો છે. પ્રથમ દિવસની રમત પૂરી થતા સુધીમાં બાંગ્લાદેશની ટીમે 85 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 301 રન બનાવી પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

બાંગ્લાદેશ તરફથી કેપ્ટન નજમુલ હુસૈન શાંતોએ આક્રમક બેટિંગ કરતા 130 બોલમાં 101 રન ફટકાર્યા હતા. આ ઉપરાંત મોમિનુલ હકે પણ ધૈર્યપૂર્વક રમતા 200 બોલમાં 91 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાની બોલરો માટે આજનો દિવસ ઘણો મુશ્કેલ રહ્યો હતો. સ્ટાર ફાસ્ટ બોલર શાહીન આફ્રીદીએ 19 ઓવરમાં 67 રન આપીને માત્ર 1 વિકેટ ઝડપી હતી, જ્યારે મોહમ્મદ અબ્બાસ, હસન અલી અને નૌમાન અલીને પણ 1-1 વિકેટ મળી હતી. દિવસના અંતે મુશફિકુર રહીમ 48 અને લિટન દાસ 8 રને રમી રહ્યા છે.

## સુડોકુ ૭૫૮૪ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | | | ૧ | | ૪ | |
| | | | ૮ | ૭ | | ૩ | ૯ | |
| | ૭ | ૮ | | ૯ | | | ૬ | ૨ |
| | ૧ | ૯ | ૪ | ૬ | | | ૩ | ૭ |
| | ૪ | ૩ | | | ૭ | ૬ | | |
| ૬ | ૫ | ૭ | ૧ | ૮ | ૩ | ૪ | ૨ | |
| ૭ | | | ૩ | ૫ | | ૨ | ૧ | |
| ૧ | ૩ | ૨ | ૭ | | ૯ | ૫ | | |
| ૫ | | | ૬ | | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - સ્યોમંદ પરબીઆ

### ગુદા માર્ગે લોહી જવું

હિમોગોન ગોળી ,બે ગોળી ત્રણ વાર રોજ આપો. મોચરસ 10 ગ્રામ લઈ 50 ગ્રામ પાણી મા ઉકાળો. તેમાં 250 ગ્રામ ગયાનું દૂધ ઉમેરી ઉકાળો. આ ઉકાળો રોજ પીવો. વડની વડવાઈ ના કુણા અંકુર ખાવા.

## શબ્દગુંફન - ૭૨૧૬

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. કંજૂસ (૪)
૪. શુદ્ધિ, હોંશ (૨)
૬. મંદિરના શિખર ઉપરનું અંડાકાર બાંધકામ (૩)
૮. એક જંતુ (૨)
૯. ગાળ્યા વિનાનું (૪)
૧૧. વિશ્વાસ (૩)
૧૨. સ્વીકારેલું (૨)
૧૩. પશુ-પંખીમાં સ્ત્રીજાત (૨)
૧૪. છેડો, નિવેડો (૨)
૧૫. વૃક્ષોની લાંબી હાર (૪)
૧૭. મસાલા તરીકે વપરાતું ગોળ-કાળા દાણા (૨)
૧૮. સરજનહાર (૨)
૧૯. ઘોડો (૨)
૨૧. અણસમજુ (૫)
૨૪. અત્યારે, હમણાં (૨)
૨૭. અંધાધૂંધી (૫)
૩૦. નવું, નવીન (૪)
૩૨. પાછું (૩)

**ઊભીચાવી**

૧.ભૂખ્યા અને દુ:ખી લોકોનું ટોળું (૨)
૨. ભૂકો, ચૂર્ણ (૩)
૩. સમય, વખત (૨)
૫. નમ્રતા, નરમાશ (૫)
૬. ઉકેલ, નિરાંત (૨)
૭. પ્રેમઘેલું (૨)
૯. બીજું (૨)
૧૦. ચાલવું તે, ગતિ (૩)
૧૨.ઢોરઢાંખર ધરાવનાર (૪)
૧૩. અગાઉ થઇ ચૂકેલું (૨)
૧૬. ગધેડો (૩)
૧૭. પ્રસન્ન (૨)
૧૯. વાર્તા, પવન (૨)
૨૦. એક શસ્ત્ર, ખડગ (૪)
૨૨. સિંહની ગર્જના (3)
૨૩. સૂર્ય (૨)
૨૫. ઘડપણ (૨)
૨૬. પ્રાણ, જાન (૨)
૨૭. હેતુ, સમજૂતી (૨)
૨૮. વિશ્વ (૨)
૨૯. તડકો (૨)
30. નમેલું (૨)
૩૧. પુત્ર (૨)



## આજનું પંચાંગ

**તા. 09/05/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** વદ : સાતમ : 14:03, કાલાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 19
**યોગ :** શુક્લ **કરણ:** બાવલ
**નક્ષત્ર :** શ્રવણ : 23:25
**રાશિ:** મકર (ખ,જ)
**દિવસ :** સામાન્ય ઘનિષ્ઠા નવકારંભ: 23:25 થી શ્રી રવીન્દ્રનાથ ટાગોર જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:05
**નવકારસી :** 06:54
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 28મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 21મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે : 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરી માટે પ્રયત્નો સફળ રહે. નવા વેપાર ધંધાનું કામ પાર પડે. જાહેર જીવનમાં પ્રગતિ થાય. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** રચનાત્મક કાર્ય સફળ બને. નવા લોકોને મળવાનું અને નવું શીખવવાનું બનશે. શુભ સમાચાર મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ચોર લૂટારુથી સાવધાન, કોઇને વાતોમાં આવવું નહીં. અચાનક સરકારી યોજનાનો લાભ મળે.

**કર્ક (ડ,હ,):** સંતાનોના પ્રશ્નો હલ થાય. ઘરમાં અવરજવર વધશે. સમાજમાં માન વધે. રોજની આવક વધશે.

**સિંહ (મ,ટ,):** હરીફો અને વિજાતિય મિત્રોથી સાવધાન ખર્ચ-વધશે. આરોગ્ય નરમ રહે. કામનો બોજ વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** ભેટ-ઉપહાર મળે. હરીફાઈમાં સફળતા મળે. અભ્યાસમાં પ્રગતિ થાય. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે.

**તુલા (ર,ત,):** મનોરંજન પ્રવાસ પરિવાર સાથે થાય. દૂરથી શુભ સમાચાર મળે. ઘરમાં નવા ફેરફાર થાય.

**વૃશ્ચિક (ન,ય,):** કામકાજમાં નવા ફેરફાર થાય. પ્રવાસમાં વિઘ્નો આવે. વિવાદ ટાળવો.શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વાણી અને વ્યવહાર કુશળતાથી સફળતા મળે. અચાનક નવી યોજનામાં ભાગ લેવાનું બને.

**મકર (ખ,જ,):** ઉચ્ચ કક્ષાનાં લોકોનું માર્ગદર્શન ઉપયોગી બને. સમાજ જીવનમાં યશ મળે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉતાવળ અને બેદરકારી થી નુકસાન થઇ શકે છે. સરકારી કામમાં સાવધાની રાખવી.

**મીન (દ,ચ,ઝ,થ,):** બૌદ્ધિક કામ પાર પડે. મિત્રોની મદદ મળે. આવક વધે. અભ્યાસમાં પ્રગતિ થાય.

### કોઈ પણ સાલમાં 09 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિજનક પસાર થશે. નોકરીમાં નવી તકથી અનુકૂળતા રહે. વેપાર ધંધામાં નવા ફેરફાર થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે, નવા રોકાણ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રો મદદરૂપ બનશે. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળશે. સમાજજીવનમાં માન વધે. પણ હરીફોથી સાવધાન રહેવું. નવાં, ઘર, વાહન, મકાન બાબતે સફળતા મળે. વડીલોની મદદ વારસા જાયદાદ જમીન વગેરેમાં મળે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ ઓકોટોબર-નવેમ્બર, મંગળ, ગુરુવાર 9, 18, 27 તારીખે નવા કામ કરવાં. લાલ રંગનો ઉપયોગ વધારવો. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ શનિવાર 08, 17, 26 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ અને ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારનો ઉપાય કરતા રહેવું.


## અનુસંધાન... પાના પહેલાનું


### બ્રિગેડ ગ્રાઉન્ડમાં...

**ડાબેરીઓનો ગઢ:** ૧૯૫૦થી આ મેદાન આંતરરાષ્ટ્રીય નેતાઓ (ખ્રુશ્ચેવ, ફિડલ કાસ્ટ્રો) અને ડાબેરીઓની શક્તિ પ્રદર્શનનું કેન્દ્ર રહ્યું છે. ૩૪ વર્ષના ડાબેરી શાસન દરમિયાન અહીંથી જ બંગાળની સત્તાનું સંચાલન થતું હોય તેમ ભાસતું હતું.

**મમતા બેનર્જીનો દબદબો:** ડાબેરીઓ બાદ મમતા બેનર્જીએ આ જ મેદાન પરથી અનેક મોટી વિપક્ષી રેલીઓ યોજીને ભાજપ વિરોધી ગઠબંધનનો શંખનાદ કર્યો હતો.

**ભાજપનું આગમન:** જે ભાજપા એક સમયે બંગાળમાં નબળી ગણાતી હતી, તે હવે આ જ ગ્રાઉન્ડ પરથી સત્તાના દ્વાર ખોલી રહી છે. રાજકીય વિશ્લેષકોના મતે, ભાજપ આ સમારોહ દ્વારા સંદેશ આપવા માંગે છે કે બંગાળનું રાજકીય કેન્દ્ર હવે બદલાઈ ગયું છે.

### ભારત સાથેની લડાઇમાં...

'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાનને સક્રિય સૈન્ય સહાય પૂરી પાડી હતી અને આ સંઘર્ષનો ઉપયોગ લાઈવ લેબ તરીકે કર્યો હતો.

### હોર્મુઝમાં ઇરાન-...

એક જહાજ MSV પ્રેમ સાગર-I એ મદદ કરી અને 17 ક્રૂ સભ્યોને સુરક્ષિત બહાર કાઢી લીધા. બચાવવામાં આવેલા તમામ ક્રૂ સભ્યો 8 મેની મોડી સાંજે સુરક્ષિત રીતે દુબઈ પોર્ટ પહોંચી ગયા છે. ઘટનાના સમાચાર સલાયા પહોંચતા જ વિસ્તાર અને માછીમાર સમાજમાં શોક વ્યાપી ગયો છે. અકસ્માત બાદ ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિએશને તાત્કાલિક દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસને ઈમેલ મોકલીને સમગ્ર અકસ્માતની જાણકારી આપી. હાલમાં નાવિક અલ્તાફના મૃતદેહ તથા બચાવાયેલા કર્મચારીઓને ભારત પાછા લાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

### હંટાવાયરસ...

હતું કે હન્ટાવાયરસના આઠ શંકાસ્પદ કેસોમાંથી પાંચની પુષ્ટિ થઈ છે. વાયરસની પુષ્ટિ થયેલ એક 69 વર્ષીય ડચ મહિલાનું મૃત્યુ થયું છે; તેના ડચ પતિ અને એક જર્મન મહિલાનું પણ મોત નીપજ્યું છે. તેમના કેસની તપાસ ચાલી રહી છે. યુએન હેલ્થ એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે આ પ્રકોપ કોઈ વૈશ્વિક રોગચાળાની શરૂઆત નથી. WHO ના ચેપી રોગ નિષ્ણાત મારિયા વાન કેરખોવએ એક ન્યૂઝ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે આ પરિસ્થિતિ છ વર્ષ પહેલાના કોવિડ-19 જેવી નથી, કારણ કે હન્ટાવાયરસ નજીકના અને ગાઢ સંપર્ક દ્વારા ફેલાય છે.

### ભવ્ય તૈયારીઓ...

**લોકકલાનું પ્રદર્શન:** કાર્યક્રમ દરમિયાન બંગાળની ઓળખ સમાન છઉ, બાઉલ અને ગંભીરા નૃત્યોની પ્રસ્તુતિ થશે. આ ઉપરાંત મહેમાનો માટે ઝાલમુરી અને રસગુલ્લાના સ્ટોલ પણ રાખવામાં આવ્યા છે.

**કાયદો અને વ્યવસ્થા:** સમગ્ર ગ્રાઉન્ડને વિવિધ સુરક્ષા સેક્ટરમાં વહેંચી દેવામાં આવ્યું છે અને ૪,૦૦૦થી વધુ પોલીસ જવાનો સુરક્ષામાં તૈનાત રહેશે.

બંગાળમાં સરકારો બદલાય છે, સૂત્રો બદલાય છે, પણ ઈતિહાસની મંજૂરી મેળવવા માટે દરેક પક્ષે આખરે આ 'મેદાન' પર જ આવવું પડે છે.

### દેશની સરકારી...

સ્ત્રોતોએ જણાવ્યું હતું કે સરકારના હસ્તક્ષેપમાં એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો અને ઇંધણના ખર્ચના બોજને પોતે સહન કરવાનો સમાવેશ થાય છે. જ્યારે ક્રૂડના ભાવ ટોચ પર હતા ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ પર પ્રતિ લિટર આશરે રૂ. 24 અને ડીઝલ પર રૂ. 30 ની રાહત આપવામાં આવી હતી. પેટ્રોલ પરની વિશેષ વધારાની એક્સાઈઝ ડ્યુટી રૂ. 13થી ઘટાડીને રૂ. 3 કરવામાં આવી હતી, જ્યારે ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી રૂ. 10 થી ઘટાડીને શૂન્ય કરવામાં આવી હતી. વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવમાં તીવ્ર વધારો થયો હોવા છતાં 28 ફેબ્રુઆરીથી ભારતમાં ઈંધણના છૂટક ભાવ યથાવત રહ્યા છે.

તેમણે નોંધ્યું હતું કે એપ્રિલ દરમિયાન દૈનિક અંડર-રિકવરી પેટ્રોલ પર આશરે રૂ. 18 પ્રતિ લિટર અને ડીઝલ પર રૂ. 25 પ્રતિ લિટર હોવાનો અંદાજ હતો, જે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે દરરોજ સરેરાશ રૂ. 600-700 કરોડના નુકસાનમાં પરિણમ્યો હતો. કં સ્ત્રોતોએ ઉમેર્યું હતું કે ક્રૂડના ભાવમાં થયેલા ઉછાળા અને ગ્રાહકોને ભાવ વધારાથી બચાવવાના નિર્ણયને કારણે કંપનીઓની બેલેન્સ શીટ અને રિફાઈનિંગ માર્જિન પર નોંધપાત્ર દબાણ આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ પગલાં વૈશ્વિક ઉર્જા સંકટ દરમિયાન ગ્રાહકોની સ્થિરતા અને આર્થિક સાતત્યને પ્રાથમિકતા આપવાના નીતિગત નિર્ણયને પ્રતિબિંબિત કરે છે. સ્ત્રોતોએ ચેતવણી આપી હતી કે જો ક્રૂડના ઊંચા ભાવો લાંબો સમય ચાલુ રહેશે, તો તેનાથી વર્કિંગ કેપિટલ માટે વધુ લોન લેવી પડી શકે છે અને મૂડી ખર્ચ (CapEx) ના આયોજનમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે. જોકે, રિફાઈનિંગ વિસ્તરણ, ઉર્જા સુરક્ષા માળખાકીય સુવિધાઓ, ઈથેનોલ બ્લેન્ડિંગ, બાયોફ્યુઅલ અને ટ્રાન્ઝિશન ફ્યુઅલ સાથે જોડાયેલા રોકાણો સરકારના સમર્થન સાથે ચાલુ રહેશે.

**વિશ્વના અનેક દેશોમાં ઈંધણમાં મોટો ભાવવધારો થયો છે**

ભારતનો અભિગમ અન્ય ઘણી અર્થવ્યવસ્થાઓ દ્વારા અપનાવવામાં આવેલા પગલાંથી વિપરીત હતો, જ્યાં સંઘર્ષ પ્રેરિત ઉર્જા સંકટ પછી ઈંધણના ભાવમાં ભારે વધારો થયો હતો. અંદાજો મુજબ, સ્પેનમાં પેટ્રોલના ભાવમાં આશરે 34 ટકા, જાપાન, ઈટાલી અને ઈઝરાયેલમાં 30 ટકા, જર્મનીમાં 27 ટકા અને યુનાઈટેડ કિંગડમમાં 22 ટકાનો વધારો થયો છે.